GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

# જયપુર, રાજસ્થાનના સંસ્કૃત વિદ્વાન ડૉ. શિવસાગર ત્રિપાઠીની વિદ્વત્તા

વિનોદભાઈ રામસિંહભાઈ પરમાર
મુ.પો. બોરીયાવી
તા. જિ. આણંદ

ડૉ. શિવસાગર ત્રિપાઠીના જન્મ ઉત્તર પ્રદેશ રાજ્યના હરદોઇ જિલ્લાના સંડિલા ગામે થયો હતો. તેઓનો જન્મ બીજી જુલાઇ 1934 ના રોજ થયો હતો. તેમની માતાનું નામ હરિપ્યારી તથા તેમના પિતાનું નામ શિવગોવિન્દ ત્રિપાઠી હતું.

ડૉ. શિવસાગર ત્રિપાઠી મહોદયના વિદ્યારંભ પારિવારિક પરંપરા અનુસાર ત્રણ વર્ષે થયો હતો અને ઉપનયન સંસ્કાર તેર વર્ષ થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ સદ્વિદ્યાલ–બાજીગંજમાં મેળવ્યું હતું. પિતા શિવગોવિદદાસ અંગ્રેજી સાથે ગુરુ પરંપરા મુજબ જીવન નિર્વાહ કરવા માટે સંપુર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયમાં પરીક્ષા આપવા માટે પ્રેરણા આપે છે તેઓ 1952 માં બી.એ ઇન્ટર કોલેજથી બારમું ધોરણમાં ઉતિર્ણ થાય છે.

1954 માં તેઓ કાનપુર સ્થિત વી.એસ. એસ.ડી કોલેજથી સ્નાતક થઇ આગ્રઃ વિશ્વવિદ્યાલયમાં અનુસ્નાતક કક્ષાએ પ્રથમ પારિતોષિક પ્રાપ્ત કરે છે. આ ગૌરવ પ્રાપ્ત કરવા માટે તેઓ તન–મનથી કાર્ય કરે છે અભ્યાસ કરે છે, જે આપણા સૌ માટે પ્રેરણા દાયક છે પોતાના ઘરથી દશ કિ.મી. દૂર પગે ચાલીને અભ્યાસ કરતા પાછા ઘરે ચાલતા આવીને જાતે ભોજન બનાવીને જમીને આર્થિક પરિસ્થિત સુધારવા માટે ટ્યુશન કરાવવા જતા. રાત્રે આવીને ક્યારે અભ્યાસ કરતાં હશે? એ આપણને ચિતામાં મૂકી દે તેવો પ્રશ્ન છે; આવા કઠોર સમયમાં પણ તેઓ સારી રીતે અભ્યાસ કરીએ એક ઉમદા ઉદાહરણ પૂરુ પાડે છે.

સ્નાતકની પદવી મેળવ્યા બાદ ડૉ. ત્રિપાઠી. 1954 માં વ્રજેન્દ્રસ્વરૂપ પાર્ક સ્થિત આર્યનગર ઇન્ટર કોલેજ કાનપુરમાં અધ્યાપન કાર્ય કરે છે; સાથે–સાથે અનુસ્નાતકનો અભ્યાસ પણ કરે છે. તેઓ પહેલી

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

નવેમ્બર 1956ના રોજ અજમેરનો રાજસ્થાનમાં વિલય થાય છે. આથી 1956 થી 1962 સુધી તેઓ કોલેજમાં સંસ્કૃત અને હિન્દી વિષયનું અધ્યાપન કાર્ય કરે છે. ત્યારબાદ 1962માં તેઓ રાજસ્થાન વિશ્વવિદ્યાલયમાં કાર્યરત થાય છે.

તેઓશ્રી રાજસ્થાન વિશ્વવિદ્યાલયમાં ડૉ. સુધીરકુમાર ગુપ્તાના માર્ગદર્શન હેઠળ ``વીર કવિમાં ઉપલબ્ધ નિર્વાચનનું અધ્યયન'' વિષયમાં મહાશોધ નિબંધનું સંશોધન કાર્ય કરી Ph. D.ની ઉપાધિ પ્રાપ્ત કરે છે. 1994માં તેઓ રાજસ્થાન વિશ્વવિદ્યાલય, જયપુરમાંથી સેવા નિવૃત્તિ મેળવે છે. ત્યારે તેઓ સંસ્કૃત વિભાગના અધ્યક્ષ હોય છે. સંસ્કૃત વિભાગ અધ્યક્ષની સાથે ``સ્કાઉટ લીટર'' તરીકે પણ સેવાઓ આપી. તેઓને 75 વર્ષે રાજસ્થાન સૂચના અને પ્રસારણ વિભાગ તરફથી સન્માન પત્ર પણ મળેલ છે.

ડૉ. શિવસાગર ત્રિપાઠીના લગ્ન સુરૌલી (ઉત્તર પ્રદેશ) ગામના સંસ્કૃત વ્યાકરણ, દર્શન, અને સાહિત્યના પ્રકંડ પંડિતશ્રી શોભારાય અગ્નિહોત્રી શાસ્ત્રીની સુપુત્રી અન્નપૂર્ણા સાથે થાય છે. હાલ તેઓ A–65 જનતા કોલોની, જયપુરમાં નિવૃત જીવન ગુજાર્યું છે. 2002 માં તેમની ધર્મપત્નીનું દુઃખદ અવસાન થાય છે તેમને ત્રણ પુત્રો અને બે પુત્રીઓ છે. તેમની પુત્રીઓના વિવાહ પણ જયપુરમાં થયા છે. હાલ તેઓનું કોરોના કાળ દરમિયાન અવસાન થયેલુ છે.

ડૉ. શિવસાગર ત્રિપાઠીનું જીવન તેમની જીવન સંગિની સાથે સુખમય જીવન વિતાવ્યું. ઋષિઓએ જે રીતે કામના કરી છે તેમ,

अनुव्रतः पितुः पुत्रो मात्रा भवतु संमना।
जाया पत्ये मधुमती वाव वदतु शन्तिवाम्।।[1]

---

[1] अथर्ववेद।।2/30/3

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

અર્થાત્ પિતાની કામના ઇચ્છા પ્રમાણે કર્મ કરે છે. માતા મન પ્રમાણે આચારણ કર્યુ. પત્ની ઇચ્છા પ્રમાણે જે તેના પ્રતિ સાથે મધુર રીતે વાર્તાલાપ કરે છે. આમ, અનેક પ્રકારે પતિ–પત્નીએ અપેક્ષાઓ પૂર્ણ કરવી.

ડૉ. શિવસાગર ત્રિપાઠીએ દીર્ઘકાળ સુધી સાહિત્ય સેવા કરીને ચાળીસથી વધારે રચના લેખન, સંપાદન કાર્ય ઉત્કૃષ્ટ રીતે પરિપૂર્ણ કરેલ છે. તેમણે 107 થી વધુ વિભિન્ન પત્રિકાઓમાં સર્જનાત્મક કાર્ય કર્યુ છે. તેમણે 'પ્રાણહૂતિ', 'પદ્મનીરત્ન' જેવા નાટકોની રચના પણ કરી છે. જે નાટ્યરૂપાંતરણ તથા આકાશવાણી જયપૂરથી પણ પ્રકાશિત કરવામાં આવ્યુ છે.

તેઓ 86 વર્ષ પણ નિયમિત દિનચર્યા અનુસાર જીવનયાપન કરતા હતાં. સવારે બ્રહ્મમૂહુર્તમાં ઉઠીને યોગાસના, પ્રાણયમ કરી, પ્રાતઃ સ્મરણ, પઠન–પઠન કાર્ય કરતાં હતાં. તેમને સેમિનાર કવિસંમેલન, ગ્રંથલેખન, પ્રકાશનકાર્ય અને સ્પર્ધામાં ભાગે લેવા વગેરેમાં ખૂબ અભિરૂચિ હતી; સાથે સાથે પારિવારિક સાસારિક, આધ્યાત્મિક સાહિત્યિક રૂપથી કાર્ય કરી પોતાની જાતને સંતુષ્ટ માનતા છે અને પરમાત્માનો આભાર વ્યક્ત કરતા રહેતા.

### ❖ ડૉ. શિવસાગર ત્રિપાઠીનું સાહિત્યિક સર્જન

કવિશ્રી ડૉ. શિવસાગર ત્રિપાઠીએ પોતાની સાહિત્યિક યાત્રામાં 43થી વધારે પુસ્તકોનું સર્જન અને સંપાદન કર્યા છે. એકસો સાત જેટલા શોધલેખોની રચના કરી છે. તેઓના પુસ્તકોના સંક્ષિપ્ત પરિચય આ મુજબ છે.

- श्री गान्धिगौरम्
- प्राणाहूति
- छन्दशाकुन्तलम्
- रामायण एवं महाभारत का शाब्दिक विरेचन
- निर्वचनकोष
- नवोन्मेशः (રાજસ્થાન સંસ્કૃત એકેડમી)
- राष्ट्रलोक (પ્રથમ ભાગ)
- राष्ट्रलोक (દ્વિતીય ભાગ)

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

- वेदान्तसारः
- गीताविज्ञानभाष्यम्
- संदर्भ-3 भाषा चिन्तक के आयाम
- संस्कृत - काव्य - कल्लोलिनी
- आचार्य विद्यासागर ग्रंथावलि परिशीलनम्
- कथाकल्प
- कथाकृति
- श्री रामचन्द्रायणे सुन्दरकाण्ड
- ज्ञानविविध परिदृश्य
- आचार्य प्रज्ञा
- वेदान्तसारटीका
- पूजापद्धति
- भ्रष्टाचारशप्तशती
- भ्रष्टायनम्
- नाट्यकल्प
- नाट्यकृति
- संवीक्षा
- आचार्य ज्ञानसागरः समग्र मूल्यांकन
- ललितायन
- भीष्मावतार सन्त सैन चरित
- र्वचन-विज्ञान एवं पैराणिक निर्वचन
- स्वातन्त्र्यपंचाशिका
- सुबोध पूजापद्धति
- स्वतन्त्र्य स्वर्णजयन्ती शतकम्
- आधुनिकालापशतकम्
- भ्रष्टताशतकम्
- रुपान्तरशतकद्वयी
- वाग्ब्रह्मणःनिर्वचनविज्ञानम्
- वीर काव्योमे उपलब्ध निर्वचनो का अध्यपन

ડૉ. શિવસાગર ત્રિપાઠીનું સાહિત્ય, રચના અને કૃતિઓનો સમયાંતરે સરકારશ્રી દ્વારા, સામાજિક સંસ્થાઓ દ્વારા, સાહિત્યિક સંસ્થાઓ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું છે; જે આ મુજબ છે.

| **રચના** | **પુરસ્કાર** |
| --- | --- |
| श्री गान्धीगौरवम् | – ઉત્તર પ્રદેશ રાજ્ય સરકાર |
| प्राणाहुति | – રાજસ્થાન સરકાર |
| निर्वचनकोषः नाट्यकल्पः | – ઉત્તર પ્રદેશ સંસ્કૃત સંસ્થા |
| कथाकल्पः | – અંબિકાદત્ત પુરસ્કાર |

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

આમ, આપણે જોયું કે એક સામાન્ય પરિવારમાં મોટા થયેલા ડૉ. શિવસાગર ત્રિપાઠીએ પોતાના જીવનમાં અથાગ મહેનત કરી પોતાની આગવી ઓળખ ઊભી કરી. સાહિત્યજગતમાં એમાં પણ સંસ્કૃત સાહિત્યમાં તેમણે ખૂબ સારું પ્રદાન કર્યુ છે. પોતાના અંગત જીવનમાં પણ તેઓ 'બેલેન્સ' સાચવી જાણ્યુ છે. તેઓને મળવું એ પણ એ લ્હાવો છે. તેમની રહેણી–કરણી સામાન્ય પણ ઉચ્ચ વિચારો, પરિવાર ને પ્રેમના તાતણે બાંધીને એક આદર્શ પિતા, પતિ, શિક્ષક અને સર્જકની છાપ ઊભી કરી છે. હાલ તેઓ અવસાન પામ્યા છે, પરંતુ તેઓના વ્યવહાર અને સાહિત્ય સર્જનથી આપણી સૌની વચ્ચે છે.